**વિષય :- ગુજરાતી** **ધોરણ :-૭** **પ્રથમ સત્ર**

**પાઠ નં:-૧ પ્રાણીમાત્રને** **25 marks**

**વિદ્યાર્થીનું નામ:-.................................................................................**

**1. તમે કઈ કઈ પ્રાર્થનાઓ ગાઓ છો?** **1 marks**

➢

**2. તમે ક્યારે ક્યારે પ્રાર્થના કરો છો?** **1 marks**

➢

**3.યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય પૂર્ણ કરો.** **3 marks**

1. 'માન્યા પોતા સમ સહુને' એટલે....

(અ)સૌને પોતાના જેવાં ન માનવાં.(બ) સૌને પોતાના જેવાંજ ગણ્યાં.(ક) સૌને પારકાં માનવાં.

2. 'સદા અમારા અંતરમાં' એટલે...

(અ) અન્ય સાથે અંતર રાખવું.(બ) હંમેશાં અમારા હૃદયમાં રહો.(ક) સદા અંતર રાખીને રહો.

3. 'ક્ષમા-સિંધુને વંદન હો' એટલે...

(અ) દરિયા દેવને નમસ્કાર હો.(બ) દરિયા દેવને ક્ષમા આપવા બદલ પ્રણામ.(ક) ક્ષમાના સાગરને નમન હો.

**4.નીચે આપેલાં વાક્યોનો ભાવ દર્શાવતી કાવ્યપંક્તિ કાવ્યમાંથી શોધીને લખો. 6 marks**

1. બધાં કાર્યો કર્યા છતાં કોઈ કાર્યમાં લેપાયા નહીં.

➢

2. એકપત્નીવ્રતના પાલનની પ્રતિજ્ઞા લીધી અને એ જીવનભર પૂર્ણ રીતે પાળી.

➢

3. સંન્યાસીના ધર્મને ઉજાળનાર તપસ્વી બુદ્ધને નમસ્કાર હજો!

➢

**5.કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરીને ખાલી જગ્યા પૂરો.** **5 marks**

**(યોગી, પરમ, સઘળાં, પૂર્ણ, મધ્યમ)**

1. મહાવીર સ્વામીએ .......... અહિંસાનું આચરણ કર્યું.
2. ગૌતમ બુદ્ધે ..........માર્ગનો બોધ આપ્યો.
3. .......... શ્રીકૃષ્ણ સંસારમાં રહીને પણ અલિપ્ત રહ્યા.
4. હજરત મહંમદ પયગંબર રહમ-નેકીના ........ પ્રચારક હતા.
5. ......... કામો કર્યા છતાંય રહ્યા હંમેશાં નિર્લેપી!

**6.કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ફકરો પૂર્ણ કરો.** **5 marks**

**(ઘણી, બસો, મોટાં, કૃષ્ણનું, નાનકડી, રળિયામણું, મધુર, સર્વધર્મ, આખા, ખૂબ, લીલાંછમ, નાનાં, રંગબેરંગી, પિત્તળનો)**

......... ટેકરીની પાછળ ........ ગામ હતું. ગામમાં આશરે ...... ઘરો હતા. કોઈના ઘર ..... તો વળી કોઈનાં ઘર .......  ગામને પાદર  ...... મંદિર. તેના પર .............. ધજા ફરકે. એના આંગણામાં ............... ઝાડવા. તેની ઉપર .......... પક્ષીઓ કલ્લોલ કરે. મંદિરમાં ............. ઘંટ બાંધેલો. તેનો .......... રણકાર સવાર-સાંજ ......... ગામમાં ગૂંજી રહે. આરતી સમયે તો અહીં ........ ભીડ રહે.

**7.નીચેનાં વાક્યોમાં યોગ્ય સંયોજક મૂકી વાક્યોને ફરીથી લખો.** **4 marks**

1. કાલે હું મારા દાદા સાથે દવાખાને જવાનો છું .......... હું રમવા નહીં આવું.
2. ગુરુવારે જો શાળામાં રજા હોય ........ આપણે પુસ્કતમેળામાં જઈશું?
3. છત્રી હતી તે સારું થયું, ........ તું પલળી ગયો હોત.
4. ........ સાહેબ કહેશે ...... આપણે બાલસભા ગોઠવીશું.